પ્રથમ અધ્યાયમાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પર ચર્ચા કરી. બીજા અધ્યાયમાં જીવનું સ્વરૂપ સમજાવ્યું. ત્રીજા અધ્યાયમાં નારકી, તિર્યંચ અને મનુષ્યલોકની, દ્વીપ સમુદ્રની ચર્ચા થઈ. ચોથા અધ્યાયમાં દેવલોકની વાત કરી. આમ પ્રથમ ચાર અધ્યાયમાં આધ્યાત્મિક જીવની ચાર ગતિ (મનુષ્ય, દેવ, તિર્યંચ અને નારક) વિસ્તાર પૂર્વક સમજાવી. હવે પાંચમા અધ્યાયમાં અજીવ તત્ત્વનું વિસ્તારથી વર્ણન કરશે.

**અજીવ કાયા: ધર્મ-અધર્મ-આકાશ-પુદ્ગલા:** ૫-૧

સૂત્રાર્થ: ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલ એ ચાર (દ્રવ્યો) અજીવકાય છે.

ભાવાર્થ: જેનામાં ચૈતન્ય ન હોય તે અજીવકાય કહેવાય. ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલ એ ચાર દ્રવ્યો અજીવકાય છે. આ ચારે દ્રવ્યો અસ્તિકાય કહેવાય છે. અસ્તિ એટલે પ્રદેશો અને કાય એટલે સમૂહ.

આમ આ જીવ પણ પ્રદેશોના સમૂહરૂપ હોવાથી અસ્તિકાય છે. પરંતુ અહીં અજીવ તત્ત્વની ચર્ચા છે માટે ચાર અજીવ દ્રવ્યોને અસ્તિકાયરૂપ કહ્યાં છે. જીવ દ્રવ્યને જો સાથે ગણશો તો અસ્તિકાય દ્રવ્યો કુલ પાંચ છે. હવે ક્રમવાર વિગતે સમજીશું.

**સ્કંધ:** વસ્તુનો સંપૂર્ણ વિભાગ અર્થાત્ સંપૂર્ણ વસ્તુ

**દેશ:** વસ્તુનો એક સવિભાજ્ય (જેના પેટા ભાગ થઈ શકે) ભાગ. દાખલા તરીકે ચૂરમાનો લાડવો સ્કંધ કહેવાય. મોટા લાડવાના બે ટુકડા કરીને બે નાના લાડવા બનાવવામાં આવે તો મોટા લાડવાની અપેક્ષાએ નાના લાડવાને દેશ કહેવાય. મોટા લાડવાની અપેક્ષા વિના, સ્વતંત્ર દરેક નાના લાડવાને સ્કંધ કહેવાય.

**પ્રદેશ:** વસ્તુ સાથે જોડાયેલો વસ્તુનો નિર્વિભાજ્ય ભાગ, જેના બે ભાગ થઈ જ ન શકે. દા.ત. લાડવાનો નાનામાં નાનો અણુ જ્યાં સુધી લાડવાની સાથે જોડાયેલો હોય ત્યાં સુધી તે પ્રદેશ કહેવાય

**પરમાણુ:** મૂળ વસ્તુથી છૂટો પડેલો નિર્વિભાજ્ય ભાગ. તેને પરમાણુ કહેવાય.

**પ્રશ્ન:** પ્રદેશ અને પરમાણુમાં શું તફાવત છે?

**ઉત્તર:** પ્રદેશમાં બે શરતો છે:

(૧) તે નિર્વિભાજ્ય ભાગ હોવો જોઈએ. અર્થાત્ કેવળી ભગવંત પણ જે સૂક્ષ્મ અંશના બે વિભાગ કરી ન શકે તેવો નાનામાં નાનો ભાગ.

(૨) આ ભાગ સ્કંધ સાથે (વસ્તુ સાથે) જોડાયેલો હોવો જોઈએ.

આ સૂક્ષ્મ અંશ જો સ્કંધથી છૂટો પડેલો હોય તો તે પરમાણુ કહેવાય છે. આમ પ્રદેશ જ છૂટો પડતાં પરમાણુનું નામ ધારણ કરે છે. આ પરમાણુ અત્યંત અગોચર (જોઈ ન શકાય) હોય છે. હાલ જે નાનામાં નાનો કણમાં ઊડતો કણ દેખાય છે તે કણ અનંત પરમાણુઓનો પુંજ છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને જીવાસ્તિકાયના સ્કંધ, દેશ અને પ્રદેશ એમ ત્રણ જ વિભાગ છે. આ ચાર દ્રવ્યોનો કોઈ પણ પ્રદેશ કોઈ કાળે છૂટો પડ્યો નથી, પડતો નથી અને પડશે પણ નહિ. <u>પુદ્ગલ</u> જ એક એવું દ્રવ્ય છે જેના સ્કંધમાંથી પ્રદેશો છૂટા પડે છે જેને પરમાણુ કહેવાય છે.

આમ તો અજીવ દ્રવ્ય પાંચ છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને <u>કાળ</u> પરંતુ ગ્રંથકાર પૂ. ઉમાસ્વાતિજી કાળને દ્રવ્ય ગણતા નથી. જ્યારે કેટલાક આચાર્યો કાળને દ્રવ્ય માને છે એટલે પાંચ અજીવ દ્રવ્યો અને એક જીવ (જીવાસ્તિકાય) એમ કુલ છ દ્રવ્યો (ષડ્ દ્રવ્યો) ગણાવ્યા છે.

દ્રવ્યાણિ જીવાશ્ચ: ૨ ———— ૫-૨

સૂત્રાર્થ: ઉપરના સૂત્રમાં (૫-૧માં) જણાવેલ ચાર (ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય) અજીવકાય અને "જીવ" એમ કુલ પાંચ દ્રવ્યો છે.

ભાવાર્થ: સૂત્રમાં જણાવ્યા મુજબ ચાર અજીવદ્રવ્યો ઉપરાંત પાંચમું જીવદ્રવ્ય છે એમ આ સંસારમાં કુલ પાંચ દ્રવ્યો છે. "દ્રવ્ય" એ સામાન્ય જાતિ છે અને ધર્મ, અધર્મ, આકાશ વિશેષ જાતિ છે. જેમ "ફૂલ" સામાન્ય જાતિ છે જ્યારે ગુલાબ, ચંપો, મોગરો વિશેષ જાતિ છે.

નિત્ય - અવસ્થિતાનિ - અરૂપાણિ ચ ···· ૫-૩

સૂત્રાર્થ: ધર્માસ્તિકાય વગેરે પાંચ દ્રવ્યો નિત્ય છે, અને અવસ્થિત (સ્થિર) છે, તથા પુદ્ગલ સિવાયના ચાર દ્રવ્યો અરૂપી છે.

ભાવાર્થ: આ સૂત્રમાં આવતા ત્રણ શબ્દોનો અર્થ બરાબર સમજી લઈએ-

નિત્ય: જે દ્રવ્યોની આદિ નથી અને અંત પણ નથી. ઉપરાંત જેના અસ્તિત્વનો વિનાશ થતો નથી તે નિત્ય કહેવાય છે.

**અવસ્થિત:** આ પાંચેય દ્રવ્યો અવસ્થિત છે. એટલે કે બીજા દ્રવ્યોની સાથે એક એક થઈને રહેલા હોવા છતાં પણ તે બીજા દ્રવ્યરૂપે બની જતાં નથી. પોતાના સ્વરૂપમાં સ્થિર છે તે અવસ્થિત. જીવમાં જડના ગુણનું કે જડમાં જીવના ગુણનું સંક્રમણ (પરિવર્તન) થતું નથી. પોતાના પર્યાયમાં રૂપાંતર થાય પણ અન્ય દ્રવ્યરૂપે ન થાય. દાખલા તરીકે દેવલોકમાંથી જીવ મૃત્યુ પામીને મનુષ્યના પર્યાયમાં જીવ તરીકે જન્મ લઈ શકે પણ ક્યારેય જડ સ્વરૂપ ન બને. એવી રીતે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એક એક આકાશ પ્રદેશમાં સાથે જ રહેલા છે તો પણ ક્યારેય ધર્માસ્તિકાય તે અધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય તે ધર્માસ્તિકાય બનતો નથી પણ પોતાના સ્વરૂપમાં જ સ્થિર રહેલા છે જે અવસ્થિત કહેવાય છે.

**અરૂપી:** રૂપનો અભાવ તે અરૂપી. પુદ્ગલ સિવાયના ચાર દ્રવ્યો અરૂપી છે. રૂપ, રસ, ગંધ સ્પર્શ વગેરે ગુણોથી રહિત છે. માત્ર કેવળજ્ઞાની (સિદ્ધગતિમાં ગયેલા અને પૃથ્વી ઉપર વિચરતા એમ બંને પ્રકારના કેવળી ભગવંતો) જ આ ચાર દ્રવ્યોનું પ્રત્યક્ષ જ્ઞાન કરી શકે છે.

## રૂપિણ: પુદ્ગલા: — ૫-૪

**સૂત્રાર્થ:** પુદ્ગલો રૂપી છે.

**ભાવાર્થ:** પાંચ દ્રવ્યોમાં ફક્ત પુદ્ગલ નામનું એક જ દ્રવ્ય રૂપી છે. જ્યાં રૂપ હોય છે ત્યાં રસ, ગંધ, વર્ણ, સ્પર્શ વગેરે ગુણો હોય જ છે.

નિશ્ચય નયથી કહેવાય કે વર્ણ, ગંધ આદિ સહિત જે દ્રવ્ય તે રૂપી અને વર્ણાદિ રહિત જે દ્રવ્ય તે અરૂપી. વ્યવહાર નયથી કહેવાય કે ચક્ષુથી દેખાય તે રૂપી અને ચક્ષુથી ન દેખાય તે અરૂપી.

## આ આકાશાદ એક દ્રવ્યાણિ ..... ૫-૫

**સૂત્રાર્થ:** [ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને] આકાશાસ્તિકાય સુધીના દ્રવ્યો એક એક છે.

**ભાવાર્થ:** ઉપરના ત્રણે દ્રવ્યોમાંથી કોઈપણ દ્રવ્ય એક થી અધિક નથી. જુદા જુદા જીવોની અપેક્ષાએ જીવો અનંત છે તે જ પ્રમાણે પુદ્ગલ દ્રવ્ય પણ અનંત છે.

## નિષ્ક્રિયાણિ ચ ........ ૫-૬

**સૂત્રાર્થ:** આકાશાસ્તિકાય સુધીના ત્રણેય દ્રવ્યો નિષ્ક્રિય અર્થાત્ ક્રિયારહિત છે.

**ભાવાર્થ:** આ સૂત્રમાં કહેલું કે ધર્મ, અધર્મ, અને આકાશ આ ત્રણે દ્રવ્યો ગતિરૂપ ક્રિયા (ગમનાગમન) કરતા નથી. જેમ પુદ્ગલ અને જીવ એક સ્થાનથી બીજા સ્થાને ગમનાગમન ક્રિયા કરે છે તેવી ક્રિયા આ ત્રણે દ્રવ્યોમાં નથી. પરંતુ પોતપોતાના ગુણોમાં ~~[illegible]~~ વર્તવાનું કામ સર્વે દ્રવ્યો કરે છે. સિદ્ધક્ષેત્રમાં ગયેલા જીવો પણ જ્ઞાન ઉપયોગમાં વર્તનારૂપ કાર્ય કરે છે, પણ ગમનાગમનનું કાર્ય કરતા નથી.

તેવી રીતે ધર્મ, અધર્મ અને આકાશ દ્રવ્ય પોતપોતાની ગતિ સહાયકતા, સ્થિતિ સહાયકતા અને અવગાહ (જગ્યા) સહાયકતાની ક્રિયા કરે છે પણ ગમનાગમન કરતા નથી માટે નિષ્ક્રિય છે.

<u>અસંખ્યેયા: પ્રદેશા: ધર્મ-અધર્મયો:</u> ..... ૫-૭

<u>સૂત્રાર્થ</u>: ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય ના અસંખ્યાત પ્રદેશો છે.

<u>ભાવાર્થ</u>: ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ બે દ્રવ્યો સમસ્ત લોકવ્યાપી છે. દ્રવ્યનો નાનામાં નાનો ભાગ કે જેના કેવળી ભગવાનના જ્ઞાનથી પણ બે ભાગ ન થાય તે પ્રદેશ કહેવાય છે. પરંતુ ધર્મ, અધર્મ, આકાશ અને જીવ આ ચાર દ્રવ્યોમાંથી કોઈપણ દ્રવ્યનો એકપણ પ્રદેશ કદાપિ છૂટો પડ્યો નથી, છૂટો પડતો નથી અને છૂટો પડશે પણ નહીં. માત્ર પુદ્ગલાસ્તિકાયના જ પ્રદેશો છૂટા પડે છે. તેથી તેમાં જ પરમાણુ નામનો શબ્દ જોડે સાંપડે છે.

એક પરમાણુને રહેવાનો સૌથી સૂક્ષ્મ જેટલો અવકાશ તેટલો એક પ્રદેશ હોય છે. આવા અસંખ્યાત પ્રદેશ ધર્મદ્રવ્ય અને અધર્મ દ્રવ્યના કહ્યા છે.

## જીવદ્રવ્ય ........ ૫-૮

સૂત્રાર્થ: પ્રત્યેક જીવના પણ અસંખ્યાત પ્રદેશો છે.

ભાવાર્થ: જીવો અનંત છે, પણ પ્રત્યેક જીવના પ્રદેશો અસંખ્યાત છે.

પ્રત્યેક જીવના અસંખ્યાત પ્રદેશો સમાન છે એટલે કે કોઈ જીવના જેટલા અસંખ્યાત પ્રદેશો છે, તેટલા જ બીજા જીવના અસંખ્યાત પ્રદેશો છે અને તેટલા જ પ્રત્યેક જીવના અસંખ્યાત પ્રદેશો છે.

કોઈપણ જીવના અસંખ્યાત પ્રદેશો કોઈ કાળે ઓછા પણ નહિ અને વધારે પણ નહિ.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયના [અને લોકાકાશના] જેટલા અસંખ્યાત પ્રદેશો છે તેટલા જ પરિમાણમાં જીવના અસંખ્યાત પ્રદેશો છે.

દાખલા તરીકે કીડીનો જીવ મૃત્યુ પામીને હાથીમાં જાય તો કીડીના જીવના જેટલા અસંખ્યાત પ્રદેશો હતા તેટલા જ અસંખ્યાતા પ્રદેશો હાથીના જીવનો પણ હોય છે.

## આકાશાસ્તિકાય અનંતતા: ..... ૫-૯

સૂત્રાર્થ: આકાશના પ્રદેશો અનંત છે.

ભાવાર્થ: આકાશાસ્તિકાય લોક-અલોક એમ બંનેમાં વ્યાપ્ત છે, તેથી તેના પ્રદેશો અનંત છે. લોકાકાશના જ પ્રદેશો અસંખ્ય છે. અલોકાકાશ અનંત હોવાથી તેના પ્રદેશો અનંત છે. વાસ્તવમાં તો આકાશ દ્રવ્ય એક જ છે. લોકાકાશ કે અલોકાકાશ જેવા કોઈ ભાગ નથી પરંતુ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવાસ્તિકાય દ્રવ્યોના સંયોગવાળા આકાશનો લોકાકાશ અને બાકીના આકાશનો અલોકાકાશ કહેવાય છે.

સંખ્યેય-અસંખ્યેયાશ્ચ પુદ્ગલાનામ્ --- ૫-૧૦

સૂત્રાર્થ: પુદ્ગલ દ્રવ્યના સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશો છે.

ભાવાર્થ: ધર્મ, અધર્મ, જીવ અને આકાશ એ ચારે દ્રવ્યોના પ્રદેશોના પરિમાણને જણાવ્યા પછી આચાર્યશ્રી આ સૂત્ર દ્વારા પુદ્ગલોના પ્રદેશોના પરિમાણને જણાવે છે. પુદ્ગલ દ્રવ્યના પ્રદેશ માટે ત્રણ મુખ્ય વિકલ્પો કહ્યા છે. પુદ્ગલ દ્રવ્યના પ્રદેશો સંખ્યાત પણ હોઈ શકે, અસંખ્યાત પણ હોઈ શકે અને અનંત પણ હોઈ શકે છે.

સંખ્યાત પ્રદેશવાળા પુદ્ગલ દ્રવ્યોમાં પણ અનેક તરતમતા હોય છે.

કોઈ પુદ્ગલ દ્રવ્યોમાં બે પ્રદેશો, કોઈમાં ત્રણ પ્રદેશો, કોઈમાં ચાર પ્રદેશો, કોઈમાં ૧૦૦ પ્રદેશો તો કોઈમાં કરોડ પ્રદેશો અને કોઈમાં તેથી પણ વધુ પ્રદેશો હોય છે. આ રીતે અસંખ્યાત પ્રદેશવાળા અને અનંત પ્રદેશવાળા પુદ્ગલોમાં પણ અનેક તરતમતા હોય છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના પ્રદેશો સંકોચ-વિકાસની ક્રિયાથી રહિત છે, જ્યારે જીવના અને પુદ્ગલના પ્રદેશો સંકોચ-વિકાસ પામે છે.

જીવ હાથીના શરીરમાંથી નીકળી કીડીના શરીરમાં આવે ત્યારે આત્મપ્રદેશો સંકોચાઈને કીડીના શરીરમાં સમાઈ જાય છે. પરંતુ એક પણ પ્રદેશ ઘટતો નથી કે ઉમેરાતો નથી. તે જ રીતે નાના શરીરમાંથી મોટા શરીરમાં આવે ત્યારે આત્મ પ્રદેશો વિસ્તાર પામે છે.

**પ્રશ્ન:** શું પુદ્ગલ દ્રવ્યના પ્રદેશો પણ જીવની જેમ સંકોચ - વિકાસ પામે ?

**સમાધાન:** હા, પુદ્ગલોના પ્રદેશોનો પણ સંકોચ વિકાસ થાય છે. નાના દીવાને એક પેટીમાં મૂકવામાં આવે તો પ્રકાશ પેટીમાં પથરાઈ જાય છે.

દીવાને બહાર કાઢીને મૂકો તો એટલો જ પ્રકાશ વિસ્તાર પામીને આખા રૂમમાં ફેલાઈ જાય છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ એના બધા પ્રદેશો મૂળ દ્રવ્યમાંથી કદી છૂટા પડતા નથી. કારણ કે તે દ્રવ્યો અરૂપી છે. અરૂપી દ્રવ્યોમાં સંશ્લેષણનો (ભેગા થવાનો) કે વિશ્લેષણનો (છૂટા પડવાનો) અભાવ હોય છે. પુદ્ગલ દ્રવ્યના પ્રદેશો મૂળ દ્રવ્યમાંથી છૂટા પડે છે અને ભેગા પણ થાય છે. તેમજ એક સ્કંધના પ્રદેશો એ સ્કંધમાંથી છૂટા પડીને અન્ય સ્કંધમાં જોડાય છે. આથી જ પુદ્ગલ દ્રવ્યના સ્કંધોના પ્રદેશોની સંખ્યા અનિયત જ રહે છે.

ન અણોઃ : ----- ૫-૧૧

સૂત્રાર્થ: અણુના (પરમાણુના) પ્રદેશો નથી.

ભાવાર્થ: "પરમાણુ" એટલે પરમ અણુ. અણુ પોતે જ સૂક્ષ્માંશ સૂક્ષ્મ અવિભાજ્ય અંતિમ અંશ છે. જો અણુના પ્રદેશો હોય તો તે અણુ કહેવાય જ નહિ. અણુ આંખેથી કદી જોઈ શકાય જ નહિ. યંત્રોની મદદથી પણ જાણી ન લઈ શકે. કેવળ વિશિષ્ટ જ્ઞાનના બળે જ તેને જાણી-જોઈ શકાય છે.

લોક - આકાશે અવગાહ: ..... ૫-૧૨

સૂત્રાર્થ: ધર્માસ્તિકાય વગેરે ચાર દ્રવ્યો લોકાકાશમાં રહેલા છે.

ભાવાર્થ: આકાશના લોકાકાશ અને અલોકાકાશ એમ બે ભેદ છે. જેટલા આકાશમાં ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો રહેલા છે, તેટલા આકાશને લોકાકાશ કહેવાય છે અને બાકીના આકાશને અલોકાકાશ કહેવાય છે. અલોકાકાશમાં કોઈપણ જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય કે અધર્માસ્તિકાય દ્રવ્ય નથી. તેથી મોક્ષ પામેલા જીવો પણ સિદ્ધશિલાથી એક યોજન ઉપર લોકના છેડે રહે છે. ધર્માસ્તિકાય – અધર્માસ્તિકાય દ્રવ્યની સહાય ન હોવાથી ઉપર અલોકમાં જતા નથી. અલોકાકાશનો અન્ય દ્રવ્યને અવગાહ (જગ્યા) આપવાનો સ્વભાવ હોવા છતાં ત્યાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય ન હોવાથી જીવો કે પુદ્ગલો ગતિ-સ્થિતિ કરી શકતા નથી.

ધર્માધર્મયો: કૃત્સ્ને ..... ૫-૧૩

ધર્મ - અધર્મયો: કૃત્સ્ને ---- ૫-૧૩

સૂત્રાર્થ: ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય સંપૂર્ણ લોકાકાશમાં (ચૌદ રાજલોકમાં) વ્યાપ્ત છે (રહેલા છે.)

ભાવાર્થ: ધર્મ - અધર્મ - જીવ અને પુદ્ગલ આ ચાર દ્રવ્યો લોકમાં (લોકાકાશમાં) જ છે અલોકમાં (અલોકાકાશમાં) નહિ એમ ઉપરના બારમા સૂત્રમાં વાત કરી.

પણ સંપૂર્ણ લોકાકાશમાં રહે છે કે જેમ અમૂર્ત આત્માં રહેલ છે તે જાણવું નહિ. આ સૂત્રમાં આશયના રહેલ છે કે ધર્માસ્તિકાય - અધર્માસ્તિકાય એ બંને દ્રવ્યો ચૌદ રાજલોકમાં લોકાકાશના પ્રદેશો પ્રદેશે રહેલા છે. લોકાકાશનો કોઈપણ ભાગ એવો નહિ જ્યાં આ બે દ્રવ્યો ન હોય. જેટલા પ્રદેશો ધર્માસ્તિકાયના છે તેટલા પ્રદેશો અધર્માસ્તિકાયના છે અને તેટલા જ પ્રદેશો લોકાકાશના છે.

જ્યારે જીવ કેવલી સમુદ્ઘાત કરે ત્યારે પોતાના અસંખ્યાત આત્મપ્રદેશોને ઊર્ધ્વ-અધો-તિર્યક બધી બાજુ ફેલાવે છે. આ રીતે કેવલીસમુદ્ઘાત દરમ્યાન જીવના પ્રદેશો સમગ્રલોકાકાશમાં વ્યાપ્ત હોય છે. તેથી જીવના અસંખ્યાત પ્રદેશોને પણ ધર્મદ્રવ્ય - અધર્મદ્રવ્યના અસંખ્યાત પ્રદેશ જેટલા કહ્યા છે.